ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ખેડા જિલ્લા ખાણ - ખનિજ વિભાગમાં સ્ટાફ બદલાતાં જ રેતી ખનન કરતાં માફિયા સામે કાર્યવાહી શરૂ : સરપંચની રજૂઆતો બાદ તંત્ર જાગ્યું

ખેડાના રઢુમાં ભૂમાફિયાએ બનાવેલો બ્રિજ તોડી પડાયો

રઢુ પાસે વાત્રક નદી પર બનાવેલા ગેરકાયદેસર બ્રિજ પરથી ડમ્પર અવર જવર કરતાં હતાં

તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆતના પગલે તંત્ર જાગ્યું



(પ્રતિનિધિ) ખેડા, નડિયાદ તા.4

ખેડા તાલુકાના રઢુ ગામમાં મામલતદાર અને ખાણ-ખનીજ વિભાગે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી નદી પર બનાવેલો ગેરકાયદેસર બ્રિજ તોડી નાખ્યો છે. આ બ્રિજનો ઉપયોગ રેતી ખનન માફિયા કરતાં હતાં અને તેમના ડમ્પરો માટી ભરી બેફામ દોડી રહ્યાં હતાં. આ કાર્યવાહીના કારણે ભૂમાફિયાઓમા ફફડાટ વ્યાપ્યો છે. અલબત્ત, રઢુ ગામના સરપંચ દ્વારા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં મુખ્યમંત્રીને ઉદ્દેશીને કરાયેલી રજૂઆતમાં માફિયાગીરીનો અદભુત કિસ્સો ફરિયાદ સ્વરૂપે રજૂ કરાયો હતો.

ખેડા તાલુકાના રઢુ ગામમાં મામલતદાર અને ખાણ ખનીજ વિભાગની મોટી કાર્યવાહી કરી છે. બંને વિભાગોયે સંયુક્ત ઓપરેશન હાથ ધરી રઢુ નજીક વાત્રક નદી પર બનાવાયેલો ગેરકાયદેસર બ્રિજ તોડી નાખ્યો છે. અત્રે 15 નંગ પાઈપોના ગેરકાયદેસર બ્રિજ પર તંત્રએ બુલડોઝર ફેરવ્યુ છે. ખનીજ માફિયાઓએ ગેરકાયદેસર ખનીજ ચોરી કરી વાત્રક નદી પરથી તેનુ વહન કરવા આ ગેરકાયદેસર બ્રિજ બનાવ્યો હતો. જે બ્રિજ રઢુ ગામથી મહેલજ ગામની સીમને જોડતો હતો, તેમજ આ બ્રિજ નદીના વહેણને અવરોધીને બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ રઢુ ગામના સરપંચે તાલુકા સ્વાગત કાર્યક્રમમા રજુઆત કરી હતી, જે બાદ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા સ્થળ વિઝિટ કરવા સૂચના અપાઈ હતી. મામલતદાર અને ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા જોઈન્ટ વિઝીટ કરતા ગેરકાયદેસર બ્રિજ મળી આવ્યો હતો. આ મામલે અમે એસડીએમ રજૂઆત કરી, એસડીએમએ કલેકટરને રજુઆત કરી હતી. આ બાદ કલેકટર દ્વારા તાત્કાલિક ગેરકાયદેસર બ્રિજ તોડી પાડવા આદેશ કરાયો હતો. જેના પગલે આ બ્રિજનું અધિકારીઓએ ડિમોલેશન કર્યુ છે. અલબત્ત સમગ્ર મામલે ખેડા જિલ્લા વહીવટી તંત્રની ઘોર બેદરકારી આ માફિયા બ્રિજમાં જોવા મળી રહી છે, કેટલા સમય પૂર્વે આ બ્રિજ બાંધવામાં આવ્યો ? કોના દ્વારા બાંધવામાં આવ્યો ? અને ત્યાં કેટલા ટન ખનીજને ચોરી અને વેપાર કરવામાં આવ્યો ? તેના કોઈ આંકડા હજુ સુધી વહીવટી તંત્ર બહાર લાવી શક્યું નથી.

બેફામ બનેલા માફીયાઓ સામે કડક પગલા લો

'છેલ્લા 3 વર્ષથી મારી રજૂઆત હતી. મેં તાલુકા સ્વાગત મામલતદાર, ખાણ ખનીજ વિભાગમાં ઘણી વખત લેખિત અને ટેલિફોનિક રજૂઆત કરી હતી. આવા બેફામ ખનીજ માફિયાઓ ઉપર સો ટકા સરકારે કડકમાં કડક પગલાં લેવા જોઈએ. મારી તાલુકા સ્વાગત કાર્યક્રમમા કરેલી અરજીના ભાગરૂપે અધિકારીઓએ આ કાર્યવાહી કરી તે બદલ તંત્રનો આભાર માનું છું.' - **અજીતસિંહ વાઘેલા, સરપંચ, રઢુ.**

કોણે ગેરકાયદેસર પુલ બનાવ્યો તેની માહિતી મળી નથી

'રઢુ ગામના સરપંચ, ગામના આગેવાનો, ખેડૂતો, ખાણ ખનીજ વિભાગ ફ્લાઈંગ સ્કવોર્ડની ટીમ, મામલતદાર, ખેડા ટાઉન રઢુ આઉટ પોસ્ટ પોલીસ સાથે રાખી આજે કાર્યવાહી કરાઈ હતી. સવારથી પ્રયાસ કરવા છતાં પણ આજુબાજુ કોઈના પણ દ્વારા ગેરકાયદેસર પુલ કોણે બનાવ્યો ? તે અંગે માહિતી મળી નથી. આ પુલ સંપૂર્ણ તોડી ખાણ ખનીજ વિભાગ દ્વારા આગળની વધુ તપાસ કાર્યવાહી હાથ ધરાશે અને ખાણ ખનીજ વિભાગ ખનીજ માફિયાઓ વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરશે.' - **જે. કે. ખસીયા, મામલતદાર, ખેડા.**

કપડવંજ પાલિકાના ભ્રષ્ટાચારમાં જ રચ્યાં પચ્યાં રહેતાં શાસકોના કારણે ફાયર સ્ટેશનના 9 વાહન પરિવહનને લાયક ન રહ્યાં !!!

ફાયર ફાયટરનો વીમો ન લેતા બિનઉપયોગી

એમ્બ્યુલન્સ વાન અને પાલિકાના સત્તાધીશોની ગાડીનો પણ વીમો નથી

તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.3

કપડવંજ નગરપાલિકા સંચાલિત ફાયર વિભાગમાં લગભગ 9 જેટલા વાહનો વાહનોના વીમા નહીં હોવાની વાત સામે આવી છે.જેને કારણે જીવન જરૂરિયાતની અને પ્રાથમિક અગ્રીમતા સાથેની એમ્બ્યુલન્સ વાન પણ પાલિકા તંત્રની ઘોર બેદરકારીને કારણે પહિવહન કરી શકે તેમ ના હોય નગરજનોને શોષવાનો વારો આવ્યો છે.

કપડવંજ નગરપાલિકા સંચાલિત ફાયર વિભાગમાં 9 જેટલા વાહનોનો વીમો નહીં હોવાને કારણે પાલિકા તંત્રની ઘોર બેદરકારીનો શિકાર જનતા બની રહી છે. આ ફાયર સ્ટેશનમાં કુલ-4 ફાયર ફાયટર છે. જેમાં બે ફાયર ફાયટર 15 વર્ષ થઈ ગયા હોવાથી બંધ હાલતમાં છે.જ્યારે અન્યનો વીમો નથી. બે વોટર બાઉઝર પણ 15 વર્ષ થઈ ગયા હોય બંધ હાલતમાં છે. બે એમ્બ્યુલન્સ વાન અને એક શબવાહીનીનો વીમોના હોવાને કારણે પરિવહનને લાયક નથી. હાલ કોઈપણ દર્દીને એમ્બ્યુલન્સ વાનની જરૂર હોય તો ફાયર વિભાગ દ્વારા ના પાડવામાં આવે છે. કારણ તેનું એ છે કે આવા વાહનોનો વીમો પુરો થઈ ગયો છે અને રીન્યુ કરવાનો બાકી છે. જેમાં 5 વાહનોનો વીમો 2023માં પુરો થયો છે. જ્યારે પાલિકાના સત્તાધીશો માટે વપરાતી સ્કોર્પીઓ ગાડી સહિત કુલ-4 વાહનોનો પણ વીમો રીન્યુ કરવામાં આવ્યો નથી. આ તમામ વાહનોના વીમા માટે ફાયર વિભાગ દ્વારા પાલિકા તંત્રને અવગત કર્યા છતાં પણ તંત્રની ઢીલી નીતી સામે આવી છે. જ્યારે ફાયર વિભાગના કુલ-9 વાહનોમાં બુલેટ બંધ હાલતમાં, જેસીબી મશીનનો વીમો નથી. 12મી માર્ચ,2025થી વીમો નહીં હોવાને કારણે એમ્બ્યુલન્સ વાન પ્રજાપયોગી હાલ રહી નથી. જો એકથી વધુ વોટર બાઉઝરની જરૂર પડે તો તંત્ર દ્વારા તેવી રીતે પાર પાડે છે ? તે એક પ્રશ્ન છે. ફાયર વિભાગ હાલ ભગવાન ભરોસે ચાલી રહ્યું હોય તેમ જાગૃત નાગરિકે જણાવ્યું હતું.

2022થી ફાયર સુપ્રિટેન્ડેન્ટની જગ્યા ખાલી

વધુમાં વર્ષ-2022થી ફાયર સુપ્રિટેન્ડેન્ટની પોસ્ટ પણ ખાલી છે. અગાઉ ડ્રાયવર કક્ષાના વ્યક્તિને ઈનાચાર્જ ફાયર સુપ્રિટેન્ડેન્ટની પોસ્ટ આપી હતી. જેને પણ રીટાયર્ડ થયા બાદ છેલ્લા 6 માસથી ફાયર સુપ્રિટેન્ડેન્ટની પોસ્ટ રોજમદારને આપી છે તેમ ફાયર વિભાગના સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

લુણાવાડામાં તંત્રની ઘોર બેદરકારી મંજૂરી વગર 3 દિવસ મેળો ચાલ્યો !

ડીસા ઘટના બાદ ઇન્દિરા મેદાનમાં ચાલી રહેલો આનંદ મેળો બંધ કરાવ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.3

લુણાવાડાના વહીવટી તંત્રની ઘોરબેદરકારી બહાર આવી છે, છેલ્લા ત્રણ દિવસથી મગરમંજૂરીએ આનંદ મેળો ચાલી રહ્યો હતો. પરંતુ ડીસાની ઘટના બનતાં પ્રાંત અધિકારીએ તે તાત્કાલિક બંધ કરવા આદેશ આપ્યો હતો.

ડીસામાં થયેલી ઘટના બાદ મહીસાગર જિલ્લામાં વહીવટી તંત્ર સફાળુ જાગ્યું અને ત્રણ દિવસથી ચાલતો આનંદ મેળો બંધ કરાવવામાં આવ્યો છે. આ મેળામાં જુદીજુદી રાઈડો, ખાણી પીણીની દુકાનો વગેરે આવેલી છે અને ઈદના તહેવાર પર દિવસ રાત - દિવસ આ મેળો ચાલ્યો હતો. જોકે ડીસામાં થયેલી ઘટનાથી સફાળા જાગેલા મહીસાગર તંત્ર દ્વારા તાત્કાલિક મેળાને બંધ કરાવવાની સૂચના આપી હતી.

લુણાવાડા પ્રાંત અધિકારી ઉમેશ શાહના જણાવ્યા અનુસાર, આ મેળા માટે આયોજકો દ્વારા મેળાની પરમિશન માટે અરજી કરેલી હતી. પરંતુ જિલ્લાની કમિટી બનાવેલી છે, જેના હેડ આર.એન્ડ બી અધિકારી છે અને તે માટે જરૂરી સર્ટિફિકેટ અને ફાયર એનઓસી જે વડોદરાથી મેળવવાની રહે છે તે મેળવેલી નથી. જેને તાત્કાલિક અસરથી બંધ કરી દેવાની સૂચના આપી છે. જો કે ત્રણ ચાર દિવસ જે વગર મંજૂરીએ મેળો ચાલ્યો તેનો રિપોર્ટ મામલતદાર કક્ષાએથી મંગાવવામાં આવ્યો છે.

ખંભાતમાં વરલી મટકાનો જુગાર રમતાં ચાર પકડાયાં

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે દરોડો પાડી રૂ.16 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.3

ખંભાત શહેરના લાલ દરવાજા સર્કલ પર ચાલી રહેલા વરલી મટકાના જુગારના અડ્ડા પર એલસીબીએ દરોડો પાડી ચાર શખ્સને પકડી પાડ્યા હતાં. આ શખ્સો પાસેથી રોકડ સહિત કુલ રૂ.16,130નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચને બાતમી મળી હતી કે, ખંભાતના લાલ દરવાજા સર્કલ પાસે, જહાંગીરપુરા વિસ્તારમાં મોહંમદશાહરૂખ મોહંમદરફીક ઉર્ફે મટકો શેખ પોતાના મકાનવાળી ગલીમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 3જી એપ્રિલના રોજ બપોરે દરોડો પાડ્યો હતો. આ દરોડાના પગલે નાસભાગ મચી હતી. જોકે, આંકડા લખનાર, લખાવનારા ચાર શખ્સને સ્થળ પરથી પકડી લીધાં હતાં. આ ચારેય શખ્સની પુછપરછ કરતાં મોહંમદશાહરૂખ મોહંમદરફીક ઉર્ફે મટકો શેખ, જહીર છોટુ શેખ, પૂનમ રણછોડ સલાટ, કાદર ઉર્ફે ભુરીયો મુસ્તુફા શેખ હોવાનું જણાવ્યું હતું. આ ચારેય શખ્સ પાસેથી રોકડ સહિત કુલ રૂ.16,130નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે ખંભાત શહેર પોલીસે ગુનો નોંધ્યો હતો.

ખેડા જિલ્લા મહેસુલી કર્મચારીઓ દ્વારા ના. મામલતદારોની બદલીનો વિરોધ

ખેડા જિલ્લા રેવન્યુ સબોર્ડીનેટ એસો. દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

ખેડા જિલ્લા રેવન્યુ સબોર્ડીનેટ એસોસીએશન દ્વારા નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓની ફિડબેક સેન્ટરના આધારે આંતર જિલ્લા ફેરબદલીનો વિરોધ કરવામાં આવ્યો છે. આ અંગે કલેક્ટરને આવેદનપત્ર આપી અમલવારી મોકુફ રાખવા માગણી કરી હતી.

ખેડા જિલ્લા રેવન્યુ સબોર્ડીનેટ એસોસિએશને કલેક્ટરને રજુઆતમાં જણાવ્યું હતું કે, નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓની 2જી એપ્રિલના રોજ આંતર જિલ્લા ફેરબદલીના હુકમ કરવામાં આવ્યાં છે. જેમાં મોટા ભાગના નાયબ મામલતદારોની આંતર જિલ્લા ફેરબદલી તેઓના સ્વવિનંતી જિલ્લા બદલીની અરજીઓ સિવાય કરવામાં આવી છે. જે બાબત તદ્દન ગેરવ્યાજબી છે. ફિડબેક સેન્ટરમાં આવતા અભિપ્રાયમાં કર્મચારીઓને બચાવની તક કે ખુલાસો પણ માંગવામાં આવતો નથી. આવા અભિપ્રાયોની તપાસ કે તેની સત્યતા પણ ચકાસવામાં આવતી નથી. જેથી આવી બદલીઓ કર્મચારીઓની વિરૂદ્ધમાં કરવામાં આવતી હોઇ આવી બદલી કર્મચારીઓની વિરૂદ્ધમાં કરવામાં આવતી હોઇ આવી બદલીથી કર્મચારીની લાગણી, કાર્યક્ષમતા તેમજ સામાજીક અને પારિવારીક જવાબદારીઓ પર ગંભીર આડઅસર થતી હોવાથી તેઓ માનસિક ત્રાસ અનુભવે છે.

વધુમાં કર્મચારી સ્થાનિક જિલ્લામાં ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હોઇ ચૂંટણી જેવી અગત્યની કામગીરી કે પૂરરાહત જેવા આકસ્મિક સંજોગોમાં સમયનો ભોગ આપી વધુ કાર્યક્ષમતાથી રાત દિવસ ફરજ બજાવતાં હોય છે. જેથી સ્વવિનંતી, માગણી સિવાયના કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીના હુકમની અમલવારી મોકૂફ રાખવા સરકારમાં રજૂઆત કરવા માગણી કરવામાં આવી છે. આ હુકમની મોકૂફ રાખવાની અમલવારી ન થાય તો હડતાલરૂપી સખત આંદોલન કરવા પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

નડિયાદ મનપા દ્વારા પ્રજાને 18.44 લાખ રિબેટ અપાયુ

મહાનગરપાલિકાની 10 ટકા રિબેટ યોજનાને બહોળો પ્રતિસાદ મળ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

નડિયાદ મહાનગરપાલિકાના ટેક્ષ વિભાગ તેમજ પ્રોફેશનલ ટેક્ષ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઝુંબેશના ભાગરૂપે મહાનગરપાલિકામાં સમાવિષ્ટ મિલકતોના માર્ચ મહિનામાં નડિયાદ શહેરનો 2.54 કરોડ અને ગામોનો પ્રોપટી ટેક્સ 52.61 લાખ રૂપિયા મળી કુલ 3.06 કરોડ રૂપિયા ટેક્સ મનપાના ખાતામાં જમા થયો છે. માર્ચ મહિનામાં નડિયાદ શહેરનો પ્રોફેશનલ ટેક્ષ 21.44 લાખ અને ગ્રામ પંચાયતનો પ્રોફેશનલ ટેક્ષ 4.48 લાખ એમ કુલ મળી 25.93 લાખ મનપાએ વસુલ્યો છે. 10 ટકા રિબેટ યોજના હેઠળ કુલ 18.44 લાખ રિબેટ આપવામાં આવ્યુ છે. નડિયાદ મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ 2025-26ના ટેક્ષ માટે પણ જે નાગરિકો આગોતરો ટેક્ષ ભરવા માંગતા હોય અને જેણે અગાઉનો તમામ ટેક્ષ ભરેલ હોય તેવા નાગરિકો માટે 30 જૂન, 2025 સુધીમાં એડવાન્સ ટેક્ષ રિબેટ યોજના હેઠળ ફ્લેટ 10 ટકાની રાહત મિલકત વેરામાં મળી શકે છે એમ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરે જણાવ્યુ છે.

બોરસદમાં નકલી એલસી બનાવી યોજનાનો લાભ લેવાનું કૌભાંડ

બોરસદ મામલતદારમાં ઓબીસીનું પ્રમાણપત્ર લેવા અરજી કરી હતી

(પ્રતિનિધિ) બોરસદ તા.3

બોરસદ મામલતદાર કચેરીમાં બોગસ લીવીંગ સર્ટિફિકેટ રજુ કરી સરકારી યોજનાનો લાભ લેવાનુ કૌભાંડ પકડાયું છે. આ અંગે મામલતદારે લીવીંગ સર્ટીફિકેટને ખરાઈ કરવા શાળામાં મોકલતાં તે નોકલી હોવાનો ઘટસ્ફોટ થયો હતો અને સમગ્ર મામલો બહાર આવ્યો હતો. આ અંગે શાળાના આચાર્યએ ત્રણ શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

બોરસદ પ્રાથમિક કુમાર શાળા બ્રાન્ચ-2માં આચાર્ય તરીકે ફરજ બજાવતાં જીગરકુમાર જયંતીલાલ મેકવાન છઠ્ઠી માર્ચના રોજ ફરજ પર હાજર હતા તે સમયે બોરસદ મામલતદાર દ્વારા અરજદાર સમા નગુરવલી શેખનું આવકનું પ્રમાણપત્ર લેવા માટે શેખ ઈમામસાહેબ શુભાનસાહેબનું લીવીંગ સર્ટિફિકેટ તથા નાજનીન સાજીદમીયા મલેકએ ઓબીસીનું પ્રમાણપત્ર મેળવવા માટે સાજીદમીયા બદરોદ્દીન મલેકનું લીવીંગ સર્ટિફીકેટ રજુ કર્યું હતું. આ લીવીંગ સર્ટિફિકેટ ખરાઈ કરવા મોકલી આપ્યાં હતાં.

જોકે, ખરાઈ કરતાં બોરસદ પ્રાથમિક કુમાર શાળા બ્રાન્ચ-2ના વર્ષ 1960 અને 1970ના રજીસ્ટરમાં આવા સર્ટીફિકેટ એલોટ ન કરાયાનું ખુલ્યું હતું. આમ, બન્ને લીવીંગ સર્ટિફિકેટ ખોટા હોવાનું જણાયું હતું. આમ, બોરસદ મામલતદાર કચેરીમાં સમા નગુરવલી શેખ તથા નાજનીન સાજીદમીયા મલેકે બોગસ લીવીંગ સર્ટિફિકેટ રજુ કરવા શેખ ઈમામસાહેબ શુભાનસાહેબ તથા સાજીદ બદરોદ્દીન મલેક સાથે આરીફ સૈયદ (રહે. બોરસદ) આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આથી, આચાર્ય જીગરકુમાર મેકવાને બોરસદ પોલીસ મથકે ઈમામસાહેબ, સાજીદ મલેક અને આરીફ સૈયદ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

નડિયાદ શહેરમાં એક્ટીવીસ્ટે ગેરવર્તન કર્યું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

ખેડા જિલ્લા પંચાયતના મનીષાબેન બારોટ ICDS વિભાગમાં જિલ્લા પ્રોગ્રામ ઓફીસર તરીકે ફરજ બજાવે છે, તેમણે નોંધાવેલી ફરીયાદમાં આક્ષેપ કર્યો છે કે, તેઓ પોતાના કર્મચારીઓ સાથે ઓફીસમાં હાજર હતા, તે દરમિયાન RTI એક્ટીવીસ્ટ શૈલેષ પટેલ આવ્યા હતા, તેમજ હાઈકોર્ટના સમન્સમાં સહી કરી રીસીવ કરાવવા જણાવ્યુ હતુ. જે મામલે પહેલા મનીષાબેન બારોટ દ્વારા તેમને રજીસ્ટ્રીમાં આપવા જણાવ્યુ હતુ, જે બાદ શૈલેષ પટેલ બહાર નીકળી થોડીવારમાં પરત આવ્યા હતા અને ગેરવર્તન કર્યું હતું. આ અંગે મનીષાબેને નડિયાદ ગ્રામ્ય મથકે ફરીયાદ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

મહિસાગરમાં ખાદ્યપદાર્થ સબસ્ટાન્ડર્ડ થતાં 4 પેઢીને દંડ

ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા લેવાયેલા નમૂનાનો રિપોર્ટ આવતાં રૂ.1.77 લાખનો દંડ કરાયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.3

મહિસાગર જિલ્લામાં હલકી ગુણવત્તા ધરાવતી ખાદ્ય - ચીજોનું વેચાણ કરતી 4 પેઢીને રૂ.1.77 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોરના વેપારી એકમનો સમાવેશ થાય છે.

સંતરામપુર ખાતે આવેલી મંગલમૂર્તિ સ્વીટ એન્ડ નમકીનના પામોલીન તેલમાં ભેળસેળ જણાતા 40 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેની સાથે જિલ્લાની લુણાવાડાની 2 અને બાલાસિનોની એક પેઢીને મોટી રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. લુણાવાડામાં મેવાડ નમકીનમાં મેંગો મિલ્ક શેક (લુઝ) નો રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં 17 હજારનો દંડ, લુણાવાડા બોમ્બે ચોપાટી આઈસ્ક્રીમમાં બદામ પિસ્તા ફ્લેવર્ડ આઈસ્ક્રીમ (લુઝ)નો રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં 70 હજારનો દંડ, સંતરામપુરમાં મે. મંગલમૂર્તિ સ્વીટ એન્ડ નમકીનમાં રિફાઈન્ડ પાલ્મોલીન ઓઇલ (લુઝ) નો રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં 40 હજારનો દંડ અને બાલાસિનોરમાં રોયલ બેકરીમાં ખારી (લુઝ) નો રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ થતાં 50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પેટલાદ-સોજીત્રા તાલુકા સૌર ઉર્જા ઉત્પાદક સહકારી મંડળી, લિ.

બી-૨૨, સરદાર પટેલ અનાજ માર્કેટ યાર્ડ, કોલેજ ચોકડી, પેટલાદ-૩૮૮૪૫૦, જિ.આણંદ

એપોઈન્ટમેન્ટ

પેટલાદ-સોજીત્રા તાલુકા સૌર ઉર્જા ઉત્પાદક સહકારી મંડળી વિશ્વની સૌપ્રથમ સૌર ઉર્જા ઉત્પાદક સહકારી મંડળી છે જે હાલ ચરોતર પ્રદેશ તથા તેની આજુ બાજુના સમગ્ર વિસ્તારમાં ઘરે ઘરે સોલર પેનલ ઈન્સ્ટોલ કરવાની કામગીરી કરી રહી છે. સોલર મંડળીના બહોળા કાર્યક્ષેત્ર તથા સરકારશ્રીની નવી લાગુ કરેલ મોડલ સોલર વિલેજ યોજનાને ખરા અર્થમાં ચરીતાર્થ કરવા સોલર મંડળીમાં કામગીરી કરવા ઈચ્છુક ટેકનીકલ/માર્કેટીંગ અભ્યાસ ધરાવતા નીચે મુજબના વ્યકિતઓની તાલુકાવાર નિમણૂંક કરવાની છે.

(૧) ઓછામાં ઓછુ ૫૦ ટકા સાથે બી.ઇ (ઇલેકટ્રીક)/ડીપ્લોમાં (ઇલેકટ્રીક)/અન્ય ટેકનીકલ/માર્કેટીંગ નોલેજ ધરાવતા ગ્રેજયુએશન/પોસ્ટ ગ્રેજયુએશન જેમાં ટેકનીકલ/માર્કેટીંગ હેતુની શૈક્ષણિક લાયકાતને પ્રાધાન્ય

(૨) ઉંમર વધુમાં વધુ ૩૫ વર્ષ

(૩) સોલાર કામગીરીમાં માર્કેટીંગ અને ટેકનીકલ કામગીરીમાં રસ ધરાવતા.

(૪) સરકારશ્રીની સોલર યોજનાઓ સમજી યોગ્ય રીતે રજૂ કરવાની આવડતને ધ્યાને લેવામાં આવશે.

(૫) માર્કેટીંગ/ટેકનીકલક્ષેત્રનો અનુભવ ધરાવનારને પ્રાથમિકતા આપવામાં આવશે.

રસ ધરાવતાં ઉમેદવારોએ તાજેતરના ફોટા સાથે આપની તમામ વિગતો ઉપરોકત હેતુ માટે તા.૧૫/૦૪/૨૦૨૫ સુધી મંડળીના ઈ-મેઈલ pssumandali@gmail.com ઉપર મોકલવાની રહેશે.